# આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ
# સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર

**પ્રથમ વર્ષ સાયન્સ(B.Sc Sem-I) ગ્રાન્ટેબલ / સ્વનિર્ભર વર્ગોમાં પ્રવેશ માટેના નિયમો અને જરૂરી માહિતી**

જુન–૨૦૨૦ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે B.Sc Sem-I માં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી હેમ.ઉ.ગુજ.યુનિ. એ નકકી કરેલા નિયમો અનુસાર કરવામાં આવશે.

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તારીખ | તા.૨૯/૦૫/૨૦૨૦ થી તા.૧૬/૦૬/૨૦૨૦ |

તમારું પ્રવેશ ફોર્મ કામચલાઉ ધોરણે સ્વીકારવામાં આવે છે. તા. ૧૨/૦૬/૨૦૨૦ (શુક્રવાર) ના રોજ તમારે **Pay Fees** પર ક્લિક કરી તમારી **Details** એન્ટર કરી પ્રવેશ ફોર્મ ફી ૧૦૦/- ભરવાની રહેશે ત્યારબાદ જ પ્રવેશ ફોર્મ કાયમી ધોરણે સ્વીકારાશે અન્યથા તમારું પ્રવેશ ફોર્મ આપોઆપ રદ ગણાશે.

૧. વિદ્યાર્થીએ પ્રવેશ માટે કોલેજની વેબસાઈટ www.rrmsclpc.org પરથી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ફોર્મ રૂા.૧૦૦/– ઓનલાઈન ચૂકવવાના રહેશે.

૨. ગ્રાન્ટેબલ અને સ્વનિર્ભર વર્ગમાં પ્રવેશ માટે અલગ–અલગ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે.

૩. ઓનલાઈન પ્રવેશ ફોર્મની વિગતો ચોકસાઈ થી ભરવી. ફોર્મમાં વિષયના ગ્રુપ (Subject Group) ની પસંદગી નો ક્રમ ચોકસાઈથી ભરવો.વિષય ગ્રુપની પસંદગીમાં પાછળથી કોઈપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવશે નહિ.

૪. મેરીટ માટે થીયરીના કુલ ૫૦૦ ગુણમાંથી આવેલા માર્કસ જ ફોર્મમાં લખવાના રહેશે. ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના થિયરી વિષયોના કુલ ગુણ – ૫૦૦ માંથી મેરીટ ગણવામાં આવશે. જો વિદ્યાર્થી ધોરણ–૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ થયો ન હોય તો એક કરતાં વધુ પ્રયત્ન માટે દરેક પ્રયત્ન દીઠ ૧૦ ગુણ કાપવામાં આવશે.

૫. પ્રવેશ સંપૂર્ણ રીતે યુનિવર્સિટીના નિયમો અને ધારાધોરણો પ્રમાણે આપવામાં આવશે.

૬. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભર્યા બાદ જો કોઈ ભૂલ જણાયતો Edit Exiting Admission પર કિલક કરી ફોર્મ માં ભરેલ Mobile No. અને Birthdate નાખી ફોર્મમાં ભરેલ વિગતમાં સુધારો કરી શકાય છે. પરંતુ ફાઈનલ સબમીશન બાદ સુધારો કરી શકાશે નહી.

૭. ઓનલાઈન ભરેલા પ્રવેશ ફોર્મની પ્રિન્ટ કાઢી વિદ્યાર્થીએ પોતાની જોડે રાખવાની રહેશે.મેરીટ યાદી તથા પ્રવેશ યાદી કોલેજ વેબસાઈટ પર જાહેર થશે.

૮. વિદ્યાર્થી પ્રવેશ મળેથી મેસેજ કે ફોન થી જાણ કરાશે. તે નિયત ફી ઓનલાઈન ભરી શકશે. વધુ માહિતી માટે કોલેજ પ્રોસ્પેકટ્સ જોવું. જે વેબસાઈટ www.rrmsclpc.org પર મૂકેલ છે.

૯. ફી ભરાયા બાદ કોલેજ દ્વારા જાણ કરવામાં આવે ત્યારે વિદ્યાર્થીએ ભરેલા ફોર્મ, ઓનલાઈન ફી ભર્યાનો પુરાવો તથા નીચેના ડોકયુમેન્ટની ઝેરોક્ષ સાથે કોલેજ પર રીપોટીંગ કરવાનું રહેશે. નીચે મુજબના અસલ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સાથે રાખવા ફરજીયાત છે.

   ૧. ધોરણ–૧૨ (હાયર સેકન્ડરી) પરીક્ષા પાસ કર્યાની માર્કસીટની પ્રમાણિત નકલ.

૨. ધોરણ–૧૨ પરીક્ષાના પ્રથમ પ્રયત્ને અથવા જેટલા પ્રયત્ને પસાર કરી હોય તે અંગેના પ્રમાણપત્રની પ્રમાણિત નકલો.
૩. શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
૪. પછાતવર્ગના વિધાર્થીઓએ જાતિ અંગેનાં સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
૫. બક્ષીપંચના વિધાર્થીઓએ તેઓ ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) આવતા નથી તે બાબતના દાખલાની પ્રમાણિત નકલ. (સરકારશ્રીના વખતો વખતના નિયમ મુજબ)
૬. EWS (આર્થિક રીતે નબળા) વર્ગના વિદ્યાર્થીઓએ સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર.
૭. હાયર સેકન્ડરી પરીક્ષા પાસ કર્યા પછી અભ્યાસમાં દાખલ થવા માટે તૂટ પડી હોય અથવા તો બીજા કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તો નિયત નમુનામાં રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામુ (એફીડેવીટ) કરાવી રજુ કરવાનું રહેશે.
૮. પ્રવેશ ફોર્મ સાથે તાજેતરનો ફોટો લગાવવાનો રહેશે.
૯. આધારકાર્ડની પ્રમાણિત નકલ.
૧૦. નેશનલાઈઝ બેંક પાસબુકની પ્રથમ પેજની પ્રમાણિત નકલ.

૧૦. રીપોટીંગ વખતે ઉપરના તમામ અસલ ડોકયુમેન્ટ વેરીફાય કરવામાં આવશે તે યોગ્ય જણાશે તો જ પ્રવેશ માન્ય ગણાશે. આમ ફી ભર્યા બાદ રીપોર્ટીંગ કરાવવું ફરજીયાત રહેશે. રીપોર્ટીંગ વખતે દરેક વિદ્યાર્થીએ અસલ પ્રમાણપત્રો સાથે રાખવાના રહેશે.

(રીપોર્ટીંગ ક્યારે કરવું તે અંગે ની જાણ કોલેજ વેબસાઈટ પર અથવા SMS દ્વારા કરાશે જે અંગે ની અચૂક નોધ લેવી.)

૧૧. ધોરણ–૧૨ની પરીક્ષા માર્ચ/જૂન–૨૦૨૦ પહેલાં પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓએ અન્ય કોલેજ/ અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ લીધો હોય અને મેરીટ યાદીમાં નામ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પ્રવેશ મેળવતી વખતે જે તે કોલેજનો NOC લેટર પ્રવેશ સમયે અચૂક રજૂ કરવાનો રહેશે. NOC વગર પ્રવેશ મેળવી શકશે નહી.

૧૨. <u>અનામત બેઠકોની ફાળવણી:–</u> કોલેજની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકોની ફાળવણી રહેશે.
૧. અનુસુચિત જાતિ માટે – ૭% ૨. અનુસુચિત જનજાતિ માટે– ૧૫%
૩. બક્ષીપંચ માટે–૨૭% ૪. આર્થિક પછાત માટે–૧૦%
૫. શારીરીક વિકલાંગ માટે–૩%

૧૩. <u>ફી ના ધોરણો :–</u> હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ. તથા સરકારશ્રીના ધારાધોરણ મુજબ રહેશે. શિક્ષણ ફી તથા અન્ય ફી સેમિસ્ટર દીઠ લેવામાં આવશે. સરકારશ્રીના નિયમ મુજબ કન્યાઓને કોલેજની ટયુશન ફી માંથી મુકિત આપવામાં આવશે. પછાત વર્ગના અનુસુચિત જન જાતિ ( S.T. ) વિધાર્થીઓને સરકારશ્રીના નિયમો અનુસાર ફી બાબતના લાભ મળશે. વિધાર્થીઓ પાસે આધાર કાર્ડ હોવું જરૂરી છે. આધાર કાર્ડ નંબર પ્રવેશફોર્મમાં અચૂક લખવો.

૧૪. અનામત વર્ગના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા શિષ્યવૃતિનો લાભ મળવાપાત્ર રહેશે. જે માટે નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

૧૫. કોલેજમાં વિજ્ઞાન વિભાગમાં પ્રથમ વર્ષમાં ૨૪૦ (અનુદાનિત) તેમજ ૧૨૦ (સ્વનિર્ભર) ની પ્રવેશ ક્ષમતા છે. જે પૈકી ૯૦ % સીટો પર GSEB ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. ૧૦% સીટો પર CBSE તથા અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ પ્રક્રિયા હવે પછી કરવામાં આવશે.

૧૬. B.Sc Sem-I માં અભ્યાસનું માધ્યમ ગુજરાતી રહેશે.

૧૭. ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગાંધીનગર સિવાય અન્ય બોર્ડમાંથી એચ.એસ.સી. પરીક્ષા પાસ કરી આવનાર વિદ્યાર્થીને આ યુનિવર્સિટીમાંથી કામચલાઉ પ્રવેશ પાત્રતાનું પ્રમાણપત્ર મેળવી લીધા બાદ જ પ્રવેશ આપવામાં આવશે.

૧૮. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીએ યુનિ. અને કોલેજના પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે તથા શિસ્તના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગેનું બાહેંધરી પત્રક પ્રવેશ ફોર્મ સાથે ભરીને આપવાનું રહેશે.

૧૯. પ્રવેશ ફોર્મમાં અધુરી કે ક્ષતિવાળી ખોટી માહિતી આપનાર વિદ્યાર્થીનું પ્રવેશ ફોર્મ રદ ગણાશે અને તેનો પ્રવેશ આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

૨૦. પ્રવેશફોર્મ ભરતી વખતે સીટ મેટ્રીકસ અવશ્ય ચેક કરવું. સીટ મેટ્રીકસમાં નીચે દર્શાવેલ ગ્રુપ સીલેકશન કરી શકાશે.

| Sr. No. | B.Sc. Sem. I & II | B.Sc. Sem. III & IV | B.Sc. Sem. V & VI |
|---|---|---|---|
| 1 | CHEMISTRY/PHYSICS/MATHEMATICS (CPM) | CHEMISTRY/PHYSICS (CP) | CHEMISTRY |
| 2 | PHYSICS/CHEMISTRY/MATHEMATICS (PCM) | PHYSICS/CHEMISTRY (PC) | PHYSICS |
| 3 | MATHEMATICS/PHYSICS/CHEMISTRY (MPC) | MATHEMATICS/PHYSICS (MP) | MATHEMATICS (SELF FINANCE) |
| 4 | PHYSICS/MATHEMATICS/CHEMISTRY (PMC) | PHYSICS/MATHEMATICS (PM) | PHYSICS |
| 5 | CHEMISTRY/PHYSICS/BOTANY (CPB) | CHEMISTRY/PHYSICS (CP) | CHEMISTRY |
| 6 | CHEMISTRY/BOTANY/ZOOLOGY (CBZ) | CHEMISTRY/BOTANY (CB) | CHEMISTRY |
| 7 | BOTANY/CHEMISTRY/ZOOLOGY (BCZ) | BOTANY/CHEMISTRY (BC) | BOTANY (SELF FINANCE) |

૨૧. પ્રથમવર્ષ (B.Sc. Sem.I & II) માં ગ્રુપમાં દર્શાવેલ ત્રણ વિષયો પૈકી પ્રથમ વિષય મુખ્ય વિષય તરીકે રહેશે. દ્વિતીય વર્ષ (B.Sc. Sem.III & IV) માં ત્રણ વિષયો પૈકી છેલ્લો વિષય આપોઆપ નીકળી જશે અને પ્રથમ બે વિષયોનો અભ્યાસ કરવાનો રહેશે. ત્રીજા વર્ષ (B.Sc. Sem.V & VI) માં મુખ્ય વિષય તરીકે B.Sc. Sem.I માં રાખેલ પ્રથમ વિષય મુખ્ય વિષય તરીકે રહેશે. પ્રથમ વર્ષમાં ગ્રુપ સીલેકશન કર્યા બાદ તૃતીય વર્ષ સુધી તેમાં ફેરફાર થઈ શકશે નહી, જેથી ગ્રુપ સીલેકશન કરવામાં ચોકસાઈ આવશ્યક છે. સ્વનિર્ભર વર્ગ (સેલ્ફ ફાયનાન્સ) માટે ઉપરોકત સાત ગ્રુપ ઉપરાંત નીચે મુજબના વધુ છ ગ્રુપ પણ સીલેકશન કરી શકાશે.

| Sr. No. | B.Sc. Sem. I & II | B.Sc. Sem. III & IV | B.Sc. Sem. V & VI |
|---|---|---|---|
| 1 | BOTANY/ZOOLOGY/CHEMISTRY (BZC) | BOTANY/ZOOLOGY (BZ) | BOTANY |
| 2 | BOTANY/MICRO.BIO./CHEMISTRY (BMic.C) | BOTANY/MICRO B. (BMic.) | BOTANY |
| 3 | BOTANY/CHEMISTRY/PHYSICS (BCP) | BOTANY/CHEMISTRY (BC) | BOTANY |
| 4 | ZOOLOGY/BOTANY/CHEMISTRY (ZBC) | ZOOLOGY/BOTANY (ZB) | ZOOLOGY |
| 5 | GEOLOGY/CHEMISTRY/PHYSICS (GCP) | GEOLOGY/CHEMISTRY (GC) | GEOLOGY |
| 6 | MICRO/ BOTANY/CHEMISTRY (Mic.BC) | MICRO/ BOTANY (Mic.B) | MICRO BIOLOGY |

૨૨. કોલેજમાં રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર વિષયો ગ્રાન્ટેબલ ધોરણે ચાલે છે. જયારે બાકીના તમામ વિષયોનો અભ્યાસ સ્વનિર્ભર વર્ગમાં કરવાનો રહેશે.

૨૩. પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીએ યુનિવસિટી એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ ગણાશે.

૨૪. જો કોઈપણ વિદ્યાર્થીનો પ્રવેશ, નિયમો કે ટેકનીકલ કારણોસર ક્ષતિયુકત માલુમ પડશે તો અથવા જો હેમ.ઉ.ગુજરાત યુનિ. વિદ્યાર્થીનો પ્રવેશ માન્ય રાખશે નહી તો એવા વિદ્યાર્થીઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ ગણાશે. આ અંગે યુનિ. ના કુલપતિનો નિર્ણય આખરી ગણાશે.

૨૫. કોલેજ કાર્યાલયનો સમય સોમવાર થી શનિવાર સવારે ૦૮:૦૦ થી ૦૧:૦૦ કલાકનો રહેશે.

૨૬. આ પ્રવેશ પ્રક્રિયા ફકત GSEB માંથી પાસ કરેલ વિદ્યાર્થીઓ માટે જ છે.

૨૭. પ્રવેશની કામગીરી યુનીવર્સીટી દ્વારા સુચવેલા નીચેના શિડયુલ પ્રમાણે થશે.

સ્થળ : પાલનપુર
તારીખ : ૨૯/૦૫/૨૦૨૦

આચાર્ય

# B.Sc. Sem.I New Admission Schedule for Academic Year-2020-21

| ક્રમ | પ્રોગ્રામ | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રથમ મેરીટ યાદી અને પ્રવેશ યાદી પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | તા. ૨૨/૦૬/૨૦૨૦ |
| ૨ | કોલેજમાં કે ઓનલાઈન ફી ભરી પ્રવેશ મેળવી લેવાની છેલ્લી તારીખ | તા. ૨૨/૦૬/૨૦૨૦ થી તા.૨૪/૦૬/૨૦૨૦ |
| ૩ | બીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | તા.૨૬/૦૬/૨૦૨૦ |
| ૪ | બીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | તા.૨૬/૦૬/૨૦૨૦ થી તા.૨૯/૦૬/૨૦૨૦ |
| ૫ | જરૂર પડે ત્રીજી પ્રવેશ યાદી કોલેજે પ્રસિધ્ધ કરવાની તારીખ (કોલેજ વેબસાઈટ તથા નોટીસ બોર્ડ પર) | તા.૩૦/૦૬/૨૦૨૦ |
| ૬ | ત્રીજી પ્રવેશ યાદીની ફી ઓનલાઈન ભરી પ્રવેશ મેળવી લેવાની તારીખ | તા.૩૦/૦૬/૨૦૨૦ અને તા. ૦૧/૦૭/૨૦૨૦ |

નોંધ: રીપોર્ટીંગ સમયે વિદ્યાર્થીએ ઓરીજીનલ પ્રમાણપત્રો સાથે લાવવાના રહેશે.

**તા. ૨૯/૦૫/૨૦૨૦**

**કન્વીનર**
**ડૉ.એસ.આઈ.ગટીયાલા**
**(બી.એસ.સી. એડમીશન કમિટી)**

**આચાર્ય**
**ડૉ. વાય.બી.ડબગર**